# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

SGCCI


---

Ref no. PN 2025-26/356 Dt. 07/03/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# સ્કૂલ–કોલેજના દિવસો ફરી જીવંત, ચેમ્બરની લેડીઝ વિંગની સભ્યોએ માણ્યો મ્યુઝિકલ ચેર અને લીંબુ ચમચી જેવી જૂની રમતોનો આનંદ

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની લેડીઝ વિંગ દ્વારા શુક્રવાર, તા. ૬ માર્ચ, ૨૦૨૬ના રોજ સાંજે ૪:૦૦થી ૭:૦૦ કલાક સુધી ભટાર સ્થિત વનિતા બંગલોઝ ખાતે લેડીઝ વિંગની મહિલા સભ્યો માટે રોજિંદા જીવનના તણાવમાંથી મુક્તિ મળે અને સ્કૂલ–કોલેજના દિવસોની યાદો તાજી થાય તે હેતુથી વિવિધ જૂની રમતોનો કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમ દરમિયાન લેડીઝ વિંગની મહિલા સભ્યોએ સ્કૂલ–કોલેજ સમયમાં રમાતી વિવિધ મનોરંજક રમતોમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં મ્યુઝિકલ ચેર, લીંબુ–ચમચી દોડ અને ગોળા ફેંક જેવી રમતો રમવામાં આવી હતી. રમતો દરમ્યાન સભ્યોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો અને સૌએ સ્કૂલ–કોલેજ કાળના દિવસોની યાદોને ફરી જીવંત બનાવી હતી.

લેડીઝ વિંગની ચેરપર્સન શ્રીમતી મયુરીબેન મેવાવાલાએ જણાવ્યું હતું કે, મહિલા સભ્યોને રોજિંદા જીવનના તણાવમાંથી બહાર કાઢવા માટે કરવામાં આવેલો આ પ્રયત્ન ખૂબ જ સફળ અને અસરકારક સાબિત થયો હતો. આ કાર્યક્રમમાં લેડીઝ વિંગના એડવાઈઝર શ્રીમતી રેશ્માબેન માંડલેવાલા અને શ્રીમતી રોમાબેન પટેલ તથા અન્ય સભ્યોએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને વિવિધ રમતોનો આનંદ માણ્યો હતો.

કાર્યક્રમ દરમિયાન મહિલા સભ્યોએ પોતાના સ્કૂલ અને કોલેજ કાળના રસપ્રદ અનુભવો પણ એકબીજા સાથે વહેંચ્યા હતા, જેના કારણે સમગ્ર વાતાવરણ હાસ્ય અને આનંદથી ભરાઈ ગયું હતું. આ કાર્યક્રમના અંતે તમામ સભ્યોએ આવા મનોરંજક અને તણાવમુક્ત કાર્યક્રમોના આયોજનથી સભ્યો વચ્ચે સ્નેહ અને સકારાત્મકતા વધે છે તેવી લાગણી વ્યક્ત કરી હતી.